જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/કોસ્ટ/ ૧૯૬૬

તા:૧૬/૧૨/૨૦૨૧

# // પરિપત્ર //

વિષય: નારીગામ ઔદ્યોગિક વસાહતના ફાળવણીદર બાબત.

સંદર્ભ: (૧) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/કોસ્ટ/૦૯ તા:૨૦/૦૨/૨૦૧૯

(૨) માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીની મંજુરી તા:૧૪/૧૨/૨૦૨૧

નિગમ ધ્વારા ભાવનગર જિલ્લામાં નારી ખાતે વિકસાવેલ નારીગામ ઔદ્યોગિક વસાહતના પ્લાસ્ટિક ઝોન તથા નોન-પ્લાસ્ટિક ઝોનના એમ.એઅ.એમ.ઈ. તથા જનરલ સેક્ટરના અલગ-અલગ ફાળવણીદર નક્કી કરી સંદર્ભદર્શિત-૧ થી પરિપત્રિત કરવામા આવેલ છે. સદર ફાળવણીદરની ગણતરી પ્લાસ્ટિક ઝોન સ્થાપવા માટે ભારત સરકાર તરફથી મળનાર સંભવિત સબસિડીને ધ્યાને લઈ કરવામાં આવેલ હતી, પરંતુ હાલ પર્યંત સદર સબસિડી નિગમને ઉપલબ્ધ થયેલ ન હોઈ સંદર્ભ-૨ મુજબની મંજુરી અનુસાર નારીગામ ઔદ્યોગિક વસાહતના ફાળવણીદરમાં ફેરફાર કરી નીચે મુજબના અંદાજિત ભાવો નક્કી કરવામાં આવે છે.

| વસાહતનું નામ | નવો ફાળવણીદર રૂ! (પ્રતિ ચો.મી.) |
|---|---|
| પ્લાસ્ટિક - એમ.એસ.એમ.ઈ. | રૂ! ૩૯૦૦/- |
| પ્લાસ્ટિક - જનરલ | રૂ! ૬૦૦૦/- |
| નોન-પ્લાસ્ટિક - એમ.એસ.એમ.ઈ. | રૂ! ૩૯૦૦/- |
| નોન- પ્લાસ્ટિક - જનરલ | રૂ! ૬૦૦૦/- |

ઉપર્યુક્ત ફાળવણીદર તાત્કાલિક અસરથી લાગુ પડશે તથા સંબંધિત હુકમોમાં તે મુજબના ફેરફાર કરવાના રહેશે. ઉપરોક્ત ફેરફાર સિવાય સંદર્ભ-૧ ના પરિપત્રની તમામ શરતો યથાવત રહેશે.

મુખ્ય હિસાબી અધિકારી

જી.આઈ.ડી.સી., ગાંધીનગર.

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ........

નકલ સવિનય રવાના:

માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, જી.આઈ.ડી.સી, ગાંધીનગર... તરફ જાણ સારૂ.